## વડીલોને વંદન અભિનંદન

### આજે જન્મદિવસ

લવજીભાઈ ડાહ્યાભાઈ વાડિયા
(૧૯૩૫)ફોન : ૨૩૨૨૨૬૯૬

## પાટીદાર પરિવારો ભ્રૂણ હત્યાના કલંકના ભાગીદાર ના બને : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૨

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્ર દશક્રોઈ કડવા પાટીદાર સમાજ સુધાર મંડળ આયોજિત કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે સમાજને ભ્રૂણ હત્યાના પાપમાં ભાગીદાર નહી બનવાની ક્ષદયસ્પર્શી અપીલ કરી હતી અને જણાવ્યું હતું કે દિકરીનો જન્મ અને તેનો ઉછેર એ હરેક પરિવાર માટે ગૌરવ બનવું જોઈએ. સમાજના હરેક પરિવારની દિકરી ભણી-ગણીને કૂળનું નામ ઉજાળશે એવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ પાટીદાર સમાજના ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર પરિવારોના દાતાશ્રીઓની ઉમદા સખાવતનોથી બંધાયેલા સાંસ્કૃતિક હોલ અને કોમ્યુનિટી હોલનું ગાંધીનગર-અમદાવાદ રોડ કુડાસણમાં ઉદ્ઘાટન કર્યું હતુ અને વાડીલાલ ડાઙાભાઈ પટેલ વિદ્યાવિહારના ભવનોના નામકરણ વિધિ કર્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ કડવા પાટીદાર સમાજના ઉત્તર દશક્રોઈ પરિવારોના વિશાળ સમૂહને સંબોધતા 'સૌનો સાથ સૌનો વિકાસ'ના રાજ્ય સરકારના મંત્રમાં ભાગીદાર બનવા અનુરોધ કર્યો હતો.

પાટીદાર પરિવારો મૂળભૂત રીતે કૃષિ સાથે સંકળાયેલા છે તેનો ઉલ્લેખ કરી પાણીની બચત અને સૂર્યર્જાના વિકાસના નવા આયામોની રૂપરેખા મુખ્યમંત્રીશ્રીએ રજૂ કરી હતી.

આ પ્રસંગે રાજ્ય સરકારના મંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ભાજપા સાંસદ શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રઙ્ગા હતા.

સંસ્થાના પ્રમુખ શ્રી રામભાઈ પટેલે અને ટ્રસ્ટીશ્રીઓએ શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

# વાલ્મિકી સમાજના વર્ગ-૪ના કર્મચારીઓને થતી કનડગત નિવારવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા. ૨૨

સરકારી કચેરીઓમાં, મહાનગરપાલિકામાં, નગરપાલિકામાંફરજ બજાવતા દરેક સંવર્ગના વાલ્મિકી કર્મચારીઓને કનડગત કરવાના કિસ્સા વધ્યા છે. તેઓની વાજબી અને ન્યાયિક માંગણી સ્વીકારાતી નથી તો સરકાર દ્વારા આવા કિસ્સાઓમાં સત્વરે તપાસ થાય અને કર્મચારીઓની માગણીઓ સ્વીકારાય અને તેમને યોગ્ય ન્યાય મળે તેવી માંગણી ગુજરાત સફાઈ કામદાર મહાસંઘના પ્રમુખ નગીનભાઈ પુરબિયાએ કરી છે.

વાલ્મિકી દર્શન સામાહિકના પ્રેસ રીપોર્ટર કમ બ્યુરો ચીફ ગાંધીનગર નગીનભાઈ એસ. પુરબિયાએ આક્રોશ વ્યક્ત કરી રાજ્યના ચીફ સેક્રેટરી એ.કે. જોતિને તા. ૨૯ માર્ચ-૨૦૧૨ના રોજ ટેલીગ્રામ કરી જણાવ્યું હતું કે, આરોગ્ય વિભાગ સંલગ્ન સરકારી આયુર્વેદ હોસ્પિટલ ગાંધીનગરમાં વોર્ડસર્વન્ટ વર્ગ-૪માં ફરજ બજાવતા (હાલ નિવૃત્ત) વાલ્મિકી સમાજની એચ.એન. પુરબિયા, તા. ૩૧ ડિસેમ્બર-૨૦૧૧ના રોજ નિવૃત્ત થયા હતા. તેમને ૧૦ટકા જીપીએફની રકમ હજુ સુધી મળી નથી. આ ટેલીગ્રામ દ્વારા એ.કે. જોતિ, ચીફ સેક્રેટરીને વિનંતી કરી હતી કે એચ.એન. પુરબિયાના જીપીએફનાં નાણાં અપાવી સંબંધીત અધિકારી/કર્મચારી વિરૂદ્ધ દંડાત્મક કાર્યવાહી કરવી. જેનાથી સાધારણ કર્મચારીઓના કામમાં વિલંબ ન થાય.

એ.કે. જોતિ, ચીફ સેક્રેટરી અને નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિની કચેરી, ગાંધીનગર, આરોગ્ય સચિવ, આરોગ્ય વિભાગ અને તકેદારી આયુક્ત, ગાંધીનગરને પણ ઉક્ત બાબતે લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે. તથા જાહેર માહિતી અધિકારી અને નિયામક, ભારતીય તબીબી અને હોમિયોપેથી પદ્ધતિની કચેરી, ગાંધીનગર અને જાહેર માહિતી અધિકારી અને વૈધ્ય પંચકર્મ, સકારી આયુર્વેદ હોસ્પિટલ, સેક્ટર-૨૨, ગાંધીનગર પાસેથી (આરટીઆઈ એક્ટ હેઠળ) માહિતી માંગવામાં આવી છે.

રાજ્ય સરકારના નિયમો અનુસાર જીપીએફના પોતાના નાણાં મેળવવા સરકારી આયુર્વેદ હોસ્પિટલ, સેક્ટર-૨૨ ગાંધીનગરના પંચકર્મ ડૉ. દિનેશચંદ્ર પંડ્યા, હેડક્લાર્ક નૈનાબેન શાહ તરફથી વિલંબ કરવામાં આવ્યો હોઈ ત્વરીત રકમ ચુકવાય તેવા સરકાર હુકમ કરે તેવી માંગણી કરી છે.

કમિશનર આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (આરોગ્ય વિભાગ)ની કચેરી, ગાંધીનગર તરફથી પણ ડાહ્યાભાઈ બી. ચૌહાણને તેમની બદલી અંગે કનડગત થઈ રહી છે. ડાહ્યાભાઈ ચૌહાણના કિસ્સામાંતેમની માંગણી નગીનભાઈ એસ. પુરબિયાએતા. ૧૧ એપ્રિલ-૧૨ના રોજ રજુઆત કરી છે.

આરોગ્ય વિભાગમાંથી ડાહ્યાભાઈ ચૌહાણને ૧૯૮૫ થી પ્રતિનિયુક્તિથી આરોગ્ય વિભાગમાંથી નોટીફાઈડ-નોટીફાઈડમાંથી-મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આમતેમ ફેરવ્યા બાદ તેઓને સામુહિક આરોગ્ય કેન્દ્ર માણસા, જી. ગાંધીનગર ખાતે બદલી કરી તેઓને હળાહળ અન્યાય કરવામાં આવ્યો છે.

ડાહ્યાભાઈ ચૌહાણ એક અપંગ સફાઈ કામદાર છે. તેઓને ૫૫ ટકા પગે ખોડ છે. એક અપંગ વાલ્મિકી સમાજના વર્ગ-૪ના કર્મચારીને ગાંધીનગર-માણસા અપડાઉન (આવવું-જવું) કરવુંખુબજ અસહ્ય થઈ પડ્યું છે. શારીરિક અને માનસિક સ્થિતિ ગુમાવી બેઠા છે. તેમની પરિસ્થિતિને સમજી યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવું જણાવ્યું છે. કર્મચારીઓના પ્રશ્નો માટે સરકાર તરફથી જવાબદાર અધિકારી કર્મચારી સામે કોઈજ કાર્યવાહી કરવામાં આવી રહી નથી કે તેનો કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવ્યો નથી. સરકાર તરફથી આ બાબતે ન્યાયિક તપાસ થાય અને યોગ્ય પગલા ભરાય તેવું કર્મચારી સંગઠન ઈચ્છી રહ્યું છે.

# ગરીબ કલ્યાણ મેળા બાદ હવે, કૃષિ મહોત્સવની તૈયારીમાં વહિવટીતંત્ર વ્યસ્ત

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાંહાથ ધરવામાંઆવેલ ગરીબ કલ્યાણ મેળાનો કાર્યક્રમ આ સપ્તાહમાં પૂર્ણ થતાં જ વહિવટીતંત્ર કૃષિ મહોત્સવની તૈયારીમાં લાગી ગયું છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં ચોથા તબક્કાનો ગરીબ કલ્યાણ મેળાનો કાર્યક્રમ હાથ ધરવામાંઆવ્યો છે. ગત ૧૨મી એપ્રિલ-૨૦૧૨થી ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ કરવામાંઆવ્યો છે. જે ૨૮મી એપ્રિલના રોજ પૂર્ણ થશે. અત્યાર સુધીમાં રાજ્યમાં અંદાજે ૩૦૦ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવ્યા છે.

આ કાર્યક્રમ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંતર્ગત લાભાર્થીઓને સહાય ચેકોનુંવિતરણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ટુલ કીટ્સોનું પણ વિતરણ કરવામાં આવ્યું છે.

ગરીબ કલ્યાણ મેળાનો કાર્યક્રમ આગામી ૨૮મી એપ્રિલે પૂર્ણ થયા બાદ ૬ઠ્ઠી મે થી રાજ્યમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ થનારો હોઈ કૃષિ મહોત્સવની તૈયારીમાં સમગ્ર વહિવટીતંત્ર કામે લાગી ગયું છે. રાજ્યના ૨૨૫ તાલુકાઓ કૃષિ રથ નીકળશે. આ મહોત્સવ દરમ્યાન ખેડૂતોને ઓછા ખર્ચે વધુ કૃષિ ઉત્પાદન કઈ રીતે મેળવી શકાય એ અંગે કૃષિ તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. આ ઉપરાંત ગામના પાંચ બી.પી.એલ. ખેડૂત લાભાર્થીઓને બીયારણ તેમજ કૃષિ કીટ્સોનું પણ વિતરણ કરવામાં આવનાર છે. આમ ગરીબ કલ્યાણ મેળા ત્યારબાદ કૃષિ મહોત્સવ અને જુનમાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર હોઈ બે મહિના વહિવટીતંત્ર આ મહોત્સવ કાર્યક્રમોમાં જ વ્યસ્ત રહેશે.

# ગાંધીનગર જિલ્લામાં વૃક્ષોની સંખ્યામાં ઘટાડો

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યના જંગલ વિસ્તારોને બાદ કરતાં બાકીના વિસ્તારોમાં વૃક્ષોની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. વર્ષો પહેલા વૃક્ષાચ્છાદિત અને લીલાછમ ગણાતા ગાંધીનગર જિલ્લામાં ૧૨૪.૮૦ લાખ વૃક્ષો હૈયાત રહ્યા છે. રાજ્યમાં જંગલ સિવાયના વિસ્તારોમાં કુલ ૨૬૮૬.૯૩ લાખ વૃક્ષો છે. જેમાં સૌથી વધારે વૃક્ષો મહેસાણા જિલ્લામાં ૨૨૩.૪૭ લાખ વૃક્ષો તથા ભાવનગર જિલ્લામાં ૨૨૮.૫૨ લાખ વૃક્ષો છે. જ્યારે સૌથી ઓછા વૃક્ષો ડાંગ જિલ્લામાં ૧૦.૨૩ લાખ છે.

રાજ્યના વન વિભાગના સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યમાં જંગલ વિસ્તારમાં વૃક્ષો ગણતરી કરવાની પ્રથા નથી પરંતુ જંગલ વિસ્તાર બહારના વૃક્ષોની ગણતરી કરવા ૮૩૫ ગામડાઓને પસંદ કરીને સેમ્પલ સર્વેના આધારે વૃક્ષોની સંખ્યાનો અંદાજ કાઢવામાં આવ્યો હતો. રાજ્યમાં જંગલ વિસ્તાર બહાર ૨૬૮૬.૯૩ લાખ વૃક્ષો હોવાનો સ્પષ્ટતા કરી હી કે કયા જિલ્લામાં કેટલા વૃક્ષો છે એનો સેમ્પલ સર્વે બે-ત્રણ વર્ષ પહેલા કરવામાં આળ્યો હતો. જેમાં સૌથી વધુ વૃક્ષો ભાવનગર જિલ્લામાં ૨૨૮.૫૨ લાખ, પાટણ જિલ્લામાં ૧૩૨.૨૯ લાખ, આણંદ જિલ્લામાં ૨૦૧.૧૯ લાખ વૃક્ષો, નવસારી જિલ્લામાં ૫૪.૧૬ લાખ વૃક્ષો, વલસાડ જિલ્લામાં ૭૩.૩૭ લાખ વૃક્ષો, વડોદરા જિલ્લામાં ૯૭.૨૫ લાખ ખેડા જિલ્લામાં ૧૨૮.૩૦ લાખ વૃક્ષો, મહેસાણા જિલ્લામાં ૨૨૩.૪૭, ભરૂચ જિલ્લામાં ૭૨.૧૪ લાખ વૃક્ષો, અમદાવાદ જિલ્લામાં ૬૫.૧૨ લાખ વૃક્ષો, બનાસકાંઠામાં ગોધરા-પંચમહાલ જિલલામાં ૬૯.૬૩ લાખ વૃક્ષો, સાબરકાંઠામાં ૭૧.૪૬ લાખ વૃક્ષો, જામનગર જિલ્લામાં ૮૫.૨૪ લાખ વૃક્ષો, જૂનાગઢ જિલ્લામાં ૧૭૩.૬૦ લાખ વૃક્ષો, રાજકોટ જિલ્લામાં ૮૯.૬૩ લાખ વૃક્ષો, ગાંધીનગર જિલ્લામાં ૧૨૪.૮૦ લાખ વૃક્ષો છે.

નર્મદા જિલ્લામાં ૨૨.૪૨ લાખ વૃક્ષો, સુરેન્દ્રનગર જિલ્લામાં ૨૯.૩૧ લાખ વૃક્ષો, પોરબંદર જિલ્લામાં ૨૯.૭૪ લાખ વૃક્ષો, અમરેલી જિલ્લામાં ૫૩.૩૪ લાખ વૃક્ષો, દાહોદ જિલ્લામાં ૬૯.૩૭ લાખ વૃક્ષો, તાપી જિલ્લામાં ૧૭૨.૩૩ લાખ વૃક્ષો, સુરત જિલ્લામાં ૧૩૮.૬૦ લાખ વૃક્ષો, ડાંગ જિલ્લામાં ૧૦.૨૩ લાખ મળી ૬ જિલ્લા ઓમાં ૨૬૮૬.૯૩ લાખ વૃક્ષો હયાત છે.

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના ચંદ્રાસણ ગામ ખાતે સરદાર સરોવર પ્રોજેક્ટની કેનાલ પર એક મેગાવોટના સોલાર પાવર પ્રોજેક્ટનું આગામી ૨૪મીએ મુખ્યમંત્રી નરેન્દ્રમોદીના હસ્તે ઉદ્ઘાટન થશે.

## ગોટાળો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હે...એ..એ..એ.... નામ મોટુ ને અંદર પોલ છે
બેની મારૂ, ગાંધીનગર તો અણમોલ છે...
જુઠ્ઠાણાઓ અંહી ભરપૂર છે
તો પણ બાપુ તમારૂ જ આ નગર છે...
આદર્શની વાત બહુ દુર છે
દુનિયામાં આ શહેર અજોડ છે...
આ બધી બદીઓ મને મંજૂર છે.
બેની મારૂ ગાંધીનગર તો અણમોલ છે...
-દર્શના

www.gotadogandhinagarno.blogspot.com

## શબ્દાવલી - ૪૭૦૮



**આડી ચાવી**

૧. પારકાનું ભલું કરવું તે (૫)
૪. મોટર, ગાડી (૨)
૬. ગરીબ (૨)
૭. પરવા, તમા (૪)
૯. રાંધેલ ખોરાક (૪)
૧૧. 'ટકલુ'માંથી 'ક' કાઢી નાંખો (૨)
૧૨. ઝટ સળગી ઉઠે તેવો પદાર્થ (૨)
૧૩. પથ્થર, પ્હાણો, શીલા (૩)
૧૬. પાંઉ બિસ્કીટ વગેરે શેકવાનું સાધન (૩)
૧૭. કારાગર (૨)
૧૮. આતુરતા (૪)
૨૦. નારાયણનો પરમ ભક્ત (૩)
૨૧. ઘાસ (૨)
૨૨. સત્ત્વ, અર્ક (૨)
૨૩. ભ્રમર, આઈ બ્રો (૨)
૨૪. ઉમેદવારી નોંધાવનાર સભ્ય (૫)

**ઊભી ચાવી**

૧. પરંપરાથી ચાલી આવતું (૬)
૨. રડારોળ (૪)
૩. કેન્સલ, છેકવું (૨)
૪. શાકભાજી, શાક.... (૩)
૫. માનવાચક શબ્દ, સાહેબ (૨)
૮. રટવું તે (૩)
૧૦. તુચ્છ, હલકુ (૪)
૧૪. ભપકો, આબરૂ (૨)
૧૫. ઉગ્ર, આકરૂ (૩)
૧૬. ચાદર, ચોરસો (૩)
૧૭. વખ, વિષ (૨)
૧૯. લક્ષણ (તુચ્છ ભાષામાં) (૩)
૨૦. 'નારદ' શબ્દ આડોઅવડો (૩)
૨૨. નજર તરફથી દિશામાં (૨)

### શબ્દાવલી ૪૭૦૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) વાતાયન (૪) આશ્લેષ (૬) વંશ (૭) કસક (૯) મશીનરી (૧૦) સકામ (૧૧) વ્રણ (૧૨) આલમ (૧૩) નાજ (૧૪) ખપત (૧૫) રંગમંચ (૧૬) રાખુ (૧૭) રાગ (૧૮) બોદલી (૧૯) તરલતા

**ઊભી ચાવી :-** (૧) વાવંટોળ (૨) તાશ (૩) નકશીકામ (૪) આકરી (૫) ષટ્કોણ (૮) સનમ (૯) મસલત (૧૧) વ્રજમંડલ (૧૨) આપખુદ (૧૩) નાગ (૧૪) ખરાબો (૧૫) રંગત

## ખેડૂતો નિરાશ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાં ઘઉં, એરંડા, કપાસનું ખરીફ તથા રવીપાકનું સારા પ્રમાણમાં ખેડૂતોએ વાવેતર કર્યું હતું. તેવા સંજોગોમાં હાલમાં અચાનક કુદરતી હવામાનમાં બદલાવ તથા કમોસમી વરસાદના આગમનથી ખેડૂતોની હાલત કફોડી બની છે. એકબાજુ ખેતમજૂરોની તીવ્ર અછત તથા પોષણક્ષમ ભાવો ખેતપેદાશોના ન મળતાં ભારે અસંતોષ વ્યાપી રહ્યોછે. હાલમાં ખેડૂતોએ પોતાના મોંમા આવેલો મહામૂલો પાક ક્યારે છિનવાઈ જાય તે કહેવું મુશ્કેલ બન્યું છે. હાલમાં સરકાર દ્વારા ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તે હેતુથી કપાસ તથા ઘઉંના ટેકાના ભાવો જાહેર કર્યા હતા. હજુ વેપારીઓ દ્વારા સારી ગુણવત્તા ધરાવતા ખેતપેદાશોના ભાવો મેળવવામાં ખેડૂતો નાસીપાસ થઈ રહ્યા હોવાનું જાણવા મળે છે. હાલમાં કપાસના ભાવોમાં ૮૦૦ થી ૮૫૦ સુધીમાં વેપારીઓ ચિલોડાપંથકમાં ઘેર બેઠા માલ લેવા દોડધામ કરી રહ્યા છે. જ્યારે ચિલોડા માર્કેટ યાર્ડમાં ઘઉંની ખરીદી કરતા જૂજ વેપારીઓ પોતાની નફાખોરીના હેતુથી સાંઠગાંઠ રચી ટેકાના ભાવોથી પણ ઓછાભાવે હરાજીનો તકતો રચી ખેડૂતોને સારી ગુણવત્તા ધરાવતા ઘઉંના જથ્થાનો ભાવ આપવામાં ગલ્લા તલ્લા કરી ખેડૂતોનું આર્થિક શોષણ કરવામાં કશી કસર રાખતા નથી. આમ છેલ્લા સપ્તાહમાં ચિલોડા પંથકના કેટલાક જાગૃતિશીલ ખેડૂતો ઘઉંના ટ્રેક્ટરો લઈ બજારમાં ગયા હતા. ત્યારે ઘઉંની હરાજીમાં માંડ-માંડ ૨૨૫ થી ૨૪૦ના ભાવે ખરીદી કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે તુરત ખેડૂતો પોતાના મહામુલો માલ લઈ વીલા મોઢે પરત ફરતાં ખેડૂતોએ મફતના ભાવે ઘઉં લેવાની રીતિનિતી સામે ભારે રોષ વ્યક્ત કર્યો હતો. આ બાબતે સત્તાવાહકો ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તેવા પગલાં ભરવા ખેડૂતોએ માંગ કરી હતી.

## પરણેતરની પ્રીત

● અનુસંધાન ચોથાનું ચાલુ

'હા, દેવા મને પણ ઘરે એકલતા, ઉદાસીનતા જેવું લાગે છે. જલ્દી સવાર થાય તો સારું તો કૉલેજ જઈને મળાય તો ખરું?'

આમ સંધ્યા અને દેવો મનોમન વિચાર કરતાં શહેરનાં બગીચામાં એકાંત જગ્યામાં તદ્દન પાસે-પાસે બેસી વાતો કરતાં બંનેનાં યુવાન દેહમાં કામવ્યમ થયો હોય તેમ અંગડાઈઓ લેતા એકબીજાના દેહ પર આંગળીઓ ફરતા કંપારી છૂટી જાતી. સંધ્યાના ખોળામાં માથું રાખી દેવો સૂતો. સંધ્યાની આંગળીઓ દેવાના માથામાંને પછી સારાય દેહ પર ફરતાં બંનેનાં દેહમાં ધ્રુજારી આવી જતી. દેવાના શરીરમાં વાસનાની આગભભૂકી ઊઠતી દેવાનો હાથ પણ સંધ્યાનાં વાંકડિયા વાળમાં ફરતાં સંધ્યા મુગ્ધ થઈ જતીને અંગડાઈઓ લેવા લાગતી. તેના ગોરા બદનમાંથી કામવાસના પ્રબળ થતાં બંને ભાન ભૂલી જતા હતા.

આમ દેવો સંધ્યાના સ્વપ્ના જોવા લાગ્યો. રાત્રિ દરમિયાન નવા નવા વસ્ત્રોનાં તેને નિહાળતો હતો. કોઈ વાર પ્રવાસના સ્થળો પર, કોઈ વાર હિલ સ્ટેશન પર એકબીજાના હાથમાં આંકડા બીડીને બાગમાં ફરતા હોય તેવું લાગતું. કોઈવાર હોટલમાં સાથે બેસી જમતા હોય તો, કોઈ વાર ગેસ્ટ હાઉસમાં પલંગમાં પડ્યા પડ્યા આનંદ લૂટતાં હોય તેવા દિવા સ્વપ્નામાં ખોવાયલો રહેતો હતો.

આજે સંધ્યાના મિત્રો એ પાર્ટીનું આયોજન કરેલ. સૌ મિત્રો તેનું મોં મીઠું કરાવવા હતા. દેવાને પણ ઘણી ઈચ્છા થઈ ગયેલી. સંધ્યાને તેના હાથે ખવરાવવાં મીઠાઈ ખરીદી લાવેલ. સૌ મિત્રો હસતાં હસતાં સંધ્યાના મોંમાં મીઠાઈ મુકતા હતા. સંધ્યા પણ તેના મિત્રોના મોંઢામાં મીઠાઈ મુકતા સૌ ખીલખીલાત કરતાં હસી પડતાં. દેવાને પણ થયું કે, હવે હું સંધ્યાના મોંઢામાં મીઠાઈનું બટકું મુકવા જાઉં. તે તેની જગ્યાએથી ઉભો થયો અને સંધ્યાના મોંમાં મીઠાઈનું બટકુ મુકવા જતા ધડીમ કરતો અવાજ થયો ને દેવો પલંગમાંથી નીચે જમીન પર ઢળી પડ્યો. (ક્રમશઃ)

# મુખવાસ

### ● ક્ષય નહીં, બધું જ અક્ષય એટલે અખાત્રીજ

*આવતીકાલે અખાત્રીજ છે. આ 'અખાત્રીજ', 'અક્ષય તૃતિયા' એવા શબ્દો સોના-ચાંદી-વાહનોની જાહેરાતોમાં અને બિલ્ડરોની કાન અને ખિસ્સા; બંને ફાડી નાખે એવી જાહેરાતોમાં સતત વંચાય - સંભળાય છે. આ અખાત્રીજ કે અક્ષય તૃતિયા શું છે તેની યુવાનોને બહુ જ ઓછી સમજણ હશે. દ્વાપર યુગ પછી જે યુગ આવ્યો તે ત્રેતાયુગનો જે દિવસ આરંભ થયો તે દિવસ એટલે અખાત્રીજ. કલેશદાયક કાળનો અંત આવ્યો અને સારો યુગ શરૂ થયો એટલે એ આખો દિવસ સારા મુહુર્તનો દિવસ ગણાય છે. અખાત્રીજે જ હયગ્રીવ અવતાર, નરનારાયણ અવતાર અને પરશુરામ અવતારો પ્રગટ થયા હોવાનું મનાય છે. વૈશાખ સુદ ત્રીજ એટલે અખાત્રીજ. આપણી તિથીઓ ચંદ્રની એકમથી પૂનમ સુધીની કળા પ્રમાણે છે. પરન્તુ એવું મનાય છે કે, વૈશાદ સુદ ત્રીજે ચંદ્રની કળાને વધ ઘટની - ક્ષયની અસર થતી નથી એટલે આ તિથિ અક્ષય તૃતિયા કહેવાય છે. અક્ષય શબ્દ અપભ્રંશ થઈને 'અખા' થઈ ગયો છે. ભગવાન બદ્રીનાથના મંદિરના દરવાજા પણ અખાત્રીજે ખોલવામાં આવે છે. જૈન ધર્મના પહેલા તીર્થંકર ભગવાન આદિનાથને તેમની તપસ્યાનું પારણું શેરડીનો રસ પીવડાવીને કરાવવામાં આવ્યું હતું, એ દિવસ પણ અખાત્રીજનો હતો.*

*અખાત્રીજે ઘરમાં સોનું લાવવાનો રિવાજ એટલે પ્રચલિત થયો છે કે આ દિવસે લાવવામાં આવેલું સોનું અક્ષય રહે છે, તેનો નાશ થયો નથી... ખેડૂતો ધરતીપૂજન કરીને ખેડવાની શરૂઆત પણ અખાત્રીજથી જ કરે છે... ટૂંકમાં અખાત્રીજ એટલે અતૂટ - અખંડ પવિત્ર પર્વ.*

### ● ૩૭ નો આંકડો!!!

*આંકડા પ્રત્યે લોકોને એવી તો લાગણી થઈ જાય કે પછી તેની લગની લાગી જાય. કોઈ પોતાના જીવનનું પહેલું વાહન ખરીદે અને રેન્ડમલી તેનો જે રજીસ્ટ્રેશન નંબર આવ્યો હોય, એ આંકડો એટલો તો ગમવા માંડે કે પછી જીવનમાં જેટલા વાહનો ખરીદાય તે તમામના નંબર એક જ સરખા હોય એવી આદત લગભગ કૉમન છે. ઘરના કે મોબાઈલ ફોનના નંબરમાં પણ મોટાભાગે આવું જ જોવા મળતું હોય છે. આવી રીતે લોકો આંકડાના પ્રેમમાં પડી જતાં હોય છે. ગાંધીનગરના જાણીતા બિલ્ડર અને આર્ટ લવર્સ સંસ્થાના પ્રમુખ શ્રી ગનીભાઈ વાડીયા આમ ૩૭ ના આંકડાના સ્નેહમાં છે. 'આ મારો ગમતો આંકડો છે.' માત્ર એટલું જ કહેતાં ગનીભાઈ વાડીયા નાનપણથી આ આંકડા સાથે અકબંધ છે. પોતાના ઘરના તમામ કાર્યક્રમોમાં '૩૭ મિનિટ' તો તેમનું વણજોયેલું મુહૂર્ત છે. રાત્રીના કાર્યક્રમોમાં કાર્ડમાં પણ તેઓ ૯.૩૭ મિનિટનો સમય છાપવાના આગ્રહી. દુશ્મનો વચ્ચે ૩૬ નો આંકડો છે એવું રહસ્ય પણ તેઓ અકબંધ રાખે છે. આગામી તારીખ ૪ થી મે એ તેઓ શ્રઈમતી અસ્માબેન સાથેના લગ્નજીવનના ૩૭ માં વર્ષની ઉજવણી ધામધૂમથી કરવા જઈ રહ્યા છે. કોઈ રજત જયંતિ ઉજવે, કોઈ ગૉલ્ડન જયુબિલી ઉજવે, કોઈ ષષ્ટીપૂર્તિ ઉજવે એવું તો સાંભળ્યું છે. ૩૭મી જયંતિને શું નામ આપવું?*

### ● એસ.એમ.એસ. રત્નકણિકા

*જિંદગીને સરળ જ રહેવા દો, ગૂંચવાળાભરી શા માટે બનાવો છો?*

*કોઈને ખૂબ જ યાદ કરો છો? તો તરત તેને ફોન કરી દો. કોઈને મળવાની ઈચ્છા થઈ છે? તેને આમંત્રણ જ આપી દો. તમે કોઈને સમજવા માંગો છો? તો પહેલાં પોતાની જાતને રજૂ કરી દો. તમારા મનમાં સવાલો ઉદ્ભવ્યા છે? તો ઝટ પૂછી નાખો. કંઈ ન ગમ્યું? કહી દો. કંઈ - કોઈ ખૂબ ગમ્યું? તરત અભિવ્યક્ત થઈ જાઓ. તમને કંઈ જોઈએ છે?*

*તમારા મનમાં શું ચાલે છે તેની બીજા કોઈને અમથી જ સમજણ નહીં પડે. અપેક્ષાઓ રાખવી તેનાં કરતાં અભિવ્યક્ત થઈ જવું આસાન છે. જિંદગી આમ સાવ સરળ છે, તેને સરળ જ રહેવા દો.*

## કંપની સમાચાર

### સ્ટર્લિંગ હોસ્પિટલમાં પ્રસિદ્ધ ન્યૂરો સર્જન ડૉ. પરેશ દોશીના હસ્તે સ્ટીરિયોટેકટીક અને ફંકશનલ ન્યૂરોસર્જરી વિભાગનો પ્રારંભ

તા. ૧૧ એપ્રિલના રોજ દુનિયાભરના લોકો 'વર્લ્ડ પાર્કિન્સન્સ ડે'ની ઉજવણી કરે છે, ત્યારે સ્ટર્લિંગ હોસ્પિટલ અમદાવાદ દ્વારા આંતરરાષ્ટ્રિય સ્તરે પ્રસિદ્ધ ન્યૂરો સર્જન ડૉ. પરેશ દોશીના સહયોગથી સ્ટીરિયોટેકટીક અને ફંકશનલ ન્યૂરોસર્જરી વિભાગનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ સુપર સબ-સ્પેશ્યલ્ટી વિભાગ, લોકોમાં આ રોગ અંગે જાગૃતિ પેદા કરીને પાર્કિન્સન્સ રોગ તથા અન્ય ગંભીર ન્યૂરોલોજીકલ બિમારીઓ તથા મૂવમેન્ટ ડીસઓર્ડર્સની સમસ્યાઓ માટે અદ્યતન સારવાર પુરી પાડશે. અહીં એ બાબત નોંધવી મહત્વની છે કે પાર્કિન્સન્સ એ અલ્ઝાયમર્સ પછીનો સૌથી વધુ સામાન્ય ડીજનરેટિવ ન્યૂરોલોજીકલ ડીસૂઓર્ડર છે. ડૉ. પરેશ દોશી, ડૉ. સુધીર શાહ અને ડૉ. પરિમલ ત્રિપાઠી જેવા ન્યૂરોલોજી/ન્યૂરો સર્જરી નિષ્ણાતોની બનેલી ટીમ આ વિભાગનું નેતૃત્વ સંભાળશે.

જસલોક હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર, મુંબઈમાં ફંકશનલ એન્ડ સ્ટીરિયોટેકટીક ન્યૂરોસર્જરી વિભાગના ઈનચાર્જ ડૉ. પરેશ દોશી ભારતમાં ૩૦૦થી વધુ મૂવમેન્ટ ડીસઓર્ડર્સ શસ્ત્રક્રિયાઓ સહીત સૌથી વધુ ન્યૂરોસર્જીકલ ઓપરેશન્સ કરવાનું બહુમાન ધરાવે છે.

## શબ્દ સમીપે... ● અનુસંધાન ચોથાનું ચાલુ

અર્ધ્ય, તાંડવ વિગેરે. આર્યવર્તની મહાકથાની આ છેલ્લી કૃતિમાં પરશુરામના પહેલાં ત્રીસ વર્ષ આલેખાયાં છે. તે દ્વારા તેમણે આર્યાવર્તની મહાકથાનાં અંકોડા પુરા કરવાને પ્રયત્ન કર્યો છે. ભારતીય કલ્પનાએ હજારો વર્ષ આ મહત્તાના આદર્શો સજીવન રાખ્યા છે. જેથી સજીવતાને અર્વાચીન જમાનાને અનુરૂપ કથા સ્વરૂપે આ નવલકથા આપણને મળી છે.'

મુનશીએ તેમની કૃતિઓમાં વ્યક્તિ સ્વાતંત્ર્યનો પ્રબોધ કર્યો છે. અને માનવી તેમજ માનવતાનો મહિમા કર્યો છે. ભાવનાત્મક અપૂર્વતાના અને મહત્વાકાંક્ષાથી ઉભરાતા આ સર્જન ક્ષેત્રએ ધર્મ - સંસ્કાર - સંસ્કૃતિના એમના મૂળ રંગ સાથે ગુજરાતી ભાષાને અને સાહિત્યને તેમણે પુષ્ટ કર્યું છે. ભારતીય વિદ્યાભવન વતી ગુર્જર પ્રકાશને આ ગ્રંથ પ્રગટ કરી આપણી સંસ્કૃતિ, સંસ્કાર, ને પોષક પૌરાણિક નવલકથાનું સુંદર નજરાણું ધર્યું છે. જે ખૂબ જ રસપ્રદ, માહિતીપ્રદ, સાંપ્રત હાલમાં કંઈક નવી પ્રેરણા પુરી પાડે તેવું છે.

**ભગવાન પરશુરામ**

**લેખક : ક.મા. મુનશી, પ્રકાશક - ગૂર્જર પ્રકાશન, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - ૩૮૦૦૦૧. કિંમત - રૂા. ૧૬૦/-**